# સાચું મોતી

— વસંતલાલ પરમાર

ગ્રીષ્મ ઋતુનો ઉકળાટ શમ્યો.

વર્ષા ઋતુનું આગમન થયું.

મેઘરાજે તમામ જલકન્યાઓને આજ્ઞા આપી.

''મારી વહાલી બાળકીઓ ! જાઓ, ધરતી પર જઈને એને લીલીછમ બનાવો. તરસ્યાં ઝાડ, પશુપક્ષી અને પૃથ્વીનાં મનુષ્યો એ બધાં તમારી રાહ જોઈ રહ્યાં છે. તમે જઈને એમની સેવા કરો અને એમને સુખી બનાવી તમારું જીવન સાર્થક કરો.''

મેઘરાજાની આજ્ઞા સાંભળી તમામ જલકન્યા ધરતી પર જવાની તૈયારી કરવા લાગી.

સૌ પોતપોતાનાં અવનવાં વસ્ત્રો પરિધાન કરવાની તૈયારીમાં પડી.

મેઘરાજે જોયું તો સૌ કન્યા તૈયારીમાં પડી છે. પરંતુ આભા નામની એક જલકન્યા ઉદાસ બનીને ગુપચુપ લપાઈને બેઠી છે.

મેઘરાજે એની પાસે જઈ કહ્યું : ''કેમ, બેટા આભા ! શું છે ? કેમ ઉદાસ થઈને બેસી રહી છે ? તું ધરતી પર જવાની તૈયારી કેમ નથી કરતી ?''

આભાએ મોં ફુલાવી કહ્યું : ''મેઘદાદા ! હું ધરતી પર નહીં જાઉં.''

મેઘરાજે સાશ્ચર્ય કહ્યું : ''કેમ ?''

આભા કહે : ''ગૌરી કન્યાએ મારું અપમાન કર્યું છે.'

મેઘરાજ કહે : ''પણ ગૌરી તો સૌના પહેલાં ધરતી પર પહોંચી ગઈ છે.''

આભા કહે : ''હા, અને એ કોઈ માછલીની છીપમાં પડી ને મોતી બનીને બેઠી છે. કાલે જ્યારે હું વાદળના રથ પર બેસીને ધરતીની સહેલ કરવા નીકળી ત્યારે એણે મારા સામે જોઈને મોં બગાડયું અને એ મને કહેવા લાગી, 'આભા ! થોડા સમય પછી તું આ પૃથ્વી પર પડીને કાદવ બનીશ. તને જોઈને સૌ ભાગશે પણ હું....અરે, હું તો અણમોલ મોતી બનીને બેઠી છું.'

હવે મારાં મૂલ તો લાખ થશે, મોટા મોટા રાજા મહારાજાના રાજમુગટમાં હું ચમકીશ, અગર તો દેવમંદિરમાં ભગવાનના ગળાના હારમાં શોભીશ. તારી કિંમત તો કોડીની પણ નહીં હોય ! ‘દાદા હવે તો હું પૃથ્વી પર ત્યારે જ જઈશ જ્યારે આપ મને મોતી બનાવવાનું વચન આપશો.’’

મેઘરાજે એની માગણી સાંભળી કહ્યું, ‘‘ઠીક, ત્યારે તો તું હવે ધરતી પર ન જઈશ. જ્યારે તારી જવાની ઇચ્છા થાય ત્યારે મને કહેજે.’’

મેઘરાજે તમામ જલકન્યાઓને ધરતી પર જતી અટકાવી દીધી.

થોડા જ દિવસમાં પૃથ્વી પર હાહાકાર મચી ગયો. પશુ–પક્ષી અને માણસ ભૂખ અને તરસથી મરવા લાગ્યાં.

હવે આભાએ પોતાની સખી ગૌરીની તપાસ કરવા માંડી.

ગૌરી મોતી રૂપે એક ધનિક શેઠના ગળાના હારમાં ચમકતી હતી.

એક દિવસ એક ભૂખ્યા ટોળાએ શેઠના ઘર ઉપર હુમલો કર્યો અને શેઠને માર મારી હાર અને બીજું ઝવેરાત લૂંટી લીધું.

લૂંટારા માલ લઈને ગામના તળાવે આવ્યા. હારની વહેંચણી બદલ એમને માંહોમાંહે તકરાર પડી. પ્રથમ તો ગાળાગાળી અને પછી તો સામસામાં હથિયાર ઊપડયાં. આ તકરારમાં બધા લૂંટારા કપાઈ મૂઆ.

જેને લીધે તકરાર થઈ હતી એ હાર તો ત્યાં પડી ગયો.

વહેલી સવારે એક ભરવાડનો બાળક ત્યાં થઈને નીકળ્યો. એના હાથમાં પેલો હાર આવ્યો. એણે એ હાર પોતાની માનીતી ગાયના ગળામાં બાંધ્યો.

એક દિવસ ગાય તળાવે પાણી પીવા ગઈ. વરસાદના અભાવે તળાવમાં ખૂબ જ કાદવ થયો હતો. ગાય એ કાદવમાં ફસાઈ ગઈ.

ભરવાડે ગાયને ખૂબ મહેનત કરી બહાર કાઢી પણ આ ખેંચતાણમાં હાર જેમાં ગૌરી મોતી રૂપે હતી એ કાદવમાં સડવા પડી ગયો.

ગૌરી કાદવમાં સડવા લાગી.

ગૌરીની આ દશા જોઈને આભા ખુશ થઈ. એ હસતી હસતી મેઘરાજ પાસે જઈને કહેવા લાગી :

''દાદા ! હું હવે ધરતી પર જવા ખુશી છું.''

મેઘરાજ કહે : ''પણ તારે તો મોતી બનવું હતું ને ?''



આભા કહે, ''દાદા ! હું મોતી જ બનીશ, પણ ગૌરી જેમ કાદવ–કીચડમાં સડનાર મોતી નહીં. શું આપ મને એવું મોતી ન બનાવો જે આ ભૂખે મરતાં પશુ અને માનવીઓની ભૂખ પણ બુઝાવી શકે ? અને જેનાથી આ ભૂખ દુઃખના ઝઘડા પણ ટળે અને મને સૌ પ્યાર કરે.''

મેઘરાજ આભાની વાત સાંભળી ખુશખુશ થઈ ગયા અને સ્નેહભર્યા શબ્દોથી એને શાબાશી આપી. અને એને એક ખેતર તરફ ઇશારો કરી એમાં વરસવાની આજ્ઞા આપી.

થોડા જ દિવસમાં તો એ ખેતરનો પાક મોતી જેવાં ઝૂમખાંથી શોભી રહ્યો.

આ મોતીનાં ઝૂમખામાં આભા પણ શોભી રહી.

કાદવ–કીચડમાં સબડતી ગૌરીનો ઉદાસ ચહેરો જોઈ એને દયા આવી. હવે એને સમજાયું કે સાચું મોતી કયું !

■